# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

મધ્યસ્થ કચેરી, રાણીપ બસ સ્ટેશન પાસે,

રાણીપ, અમદાવાદ.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતી**(ફીક્સ પગાર)** ની જગ્યાઓ અન્વયે પસંદગી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી(Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

ઓનલાઈન અરજી કરવાની વિગતવાર સુચનાઓ/જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય લાયકાતનાં બધાજ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની વેબસાઈટ https://gsrtc.in પર મુકવામાં આવશે. જેથી અરજદારે સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. તેમજ કેટલીક સૂચનાઓ **મોબાઈલ નંબર પર એસ.એમ.એસ.** થી આપવામાં આવશે.આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

**કક્ષાનું નામ - ડ્રાયવર**

**ફીકસ પગાર – પાંચ વર્ષ માટે રૂ. ૧૦૦૦૦/-**

**કુલ જગ્યાઓ – ૨૨૪૯**

**ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો:- તા.૧૨/૦૭/૨૦૧૯ થી તા.૧૧/૦૮/૨૦૧૯ (૨૩.૫૯ કલાક સુધી)**

| | કુલ જગ્યા | બિન અનામત | | આર્થિક રીતે નબળો વર્ગ (E.W.S.) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી . સૈનિક |
| ફાળવણી | ૧૬૬૪ | ૪૫૭ | ૨૨૫ | ૧૧૨ | ૫૫ | ૩૦૧ | ૧૪૮ | ૭૮ | ૩૮ | ૧૬૭ | ૮૩ | ૧૬૬ |
| ❖ શરતી | ૫૮૫ | ૧૬૧ | ૭૯ | ૩૯ | ૧૯ | ૧૦૬ | ૫૨ | ૨૮ | ૧૪ | ૫૯ | ૨૮ | ૫૯ |
| કુલ | ૨૨૪૯ | ૬૧૮ | ૩૦૪ | ૧૫૧ | ૭૪ | ૪૦૭ | ૨૦૦ | ૧૦૬ | ૫૨ | ૨૨૬ | ૧૧૧ | ૨૨૫ |

❖ **સદર ૫૮૫ ડ્રાયવરોની ભરતીની જાહેરાત સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવે છે જો સરકારશ્રી દ્વારા પસંદગીયાદી બનાવતા સુધીમાં મંજુરી આપવામાં આવશે તો ૨૨૪૯ ડ્રાયવરોની ભરતી કરવામાં આવશે અન્યથા ૧૬૬૪ ડ્રાયવરોની ભરતી પુર્ણ કરવામાં આવશે જે તમામને બંધન કરતાં રહેશે,જેની નોંધ લેશો.**

## A. મુખ્ય સુચનાઓ:-

1) ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.

2) ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જે જગ્યાઓની ભરતી કરવાની છે તે નિગમની આગામી જરૂરિયાત તેમજ નિવૃત્તિને ધ્યાનમાં રાખીને ભરતી કરવામાં આવે છે જેથી જેમ જેમ નિગમને જરૂરિયાત જણાશે તેમ તેમ પસંદગી/પ્રતિક્ષાયાદીના ઉમેદવારને નિગમ નિમણૂંક હુકમ આપવાની કાર્યવાહી કરશે.

3) ૨૫ કે તેથી વધુ મેરીટ માર્કસ ધરાવતા ઉમેદવારોને જ ડ્રાયવીંગ ટેસ્ટ માટે પાત્ર ગણવામાં આવશે.

4) પ્રાથમિક દસ્તાવેજ ચકાસણીના ભાગરૂપે ઓનલાઈન અરજીપત્રક, કોલલેટર,શાળા છોડ્યાના પ્રમાણપત્ર મુજબ જન્મ તારીખ,લાયસન્સની વિગતો,શૈક્ષણિક લાયકાતો તથા જાતિના પ્રમાણપત્રો, નિયત અનુભવ/વેઈટેજની પ્રાથમિક દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે.અને જો ઉમેદવારી/અરજીપત્રક રદ કરવા પાત્ર થતું હશે તો ઉમેદવારી/અરજીપત્રક રદ કરવામાં આવશે.

5) ડ્રાયવીંગ ટેસ્ટમાં ૩૭ કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત / અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાતમાંથી મેળવેલ ગુણ તથા ડ્રાયવીંગ ટેસ્ટમાં મેળવેલ ગુણ એમ બન્ને ગુણોનો સરવાળો કરી અનામત / બિનઅનામત ધ્યાને લઈ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે,ત્યારબાદ મેરીટ મુજબ ૧ જગ્યા સામે ૧.૫(દોઢા) ઉમેદવારો અથવા નિગમની જરૂરિયાતના પ્રમાણમાં એક સાથે / તબક્કાવાર ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે અને તેમાં જો નિયત લાયકાત કે નિયત વેઈટેજ અથવા જરુરી વિગતો નહી ધરાવતા હોય તો ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ હોવા છતાં અરજીપત્રક / ઉમેદવારી રદ કરવામાં આવશે. ત્યારબાદ પાત્ર થયેલ ઉમેદવારોમાંથી પ્રોવિઝનલ / આખરી પસંદગીયાદી / પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે.

6) જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર પધ્ધતિ બાબતેની નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.

7) જો ઉમેદવારે આ કક્ષામાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.

8) કોઇપણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હશે અને અલગ-અલગ અરજીપત્રકમાં પોતાના નામ, પિતા/પતિના નામ અને અટકમાં શરતચુકથી સ્પેલીંગ મીસ્ટેક કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ-અલગ રીતે રાખેલ હોય તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક  થી વધુ કોલલેટર મળવા પામશે તેવા સંજોગોમાં ડ્રાઇવીંગ ટેસ્ટ સમયે રુબરુ આઇ.ડી. પ્રુફ રજુ કર્યેથી આઇ.ડી. પ્રુફની વિગતો મુજબ સાચી માહિતીવાળા કોલલેટર સામે ટેસ્ટ આપવાપાત્ર થશે. આઇ.ડી. પ્રુફ મુજબ અરજીપત્રકની વિગતોમાં ક્ષતિ / ભુલ હશે તો ટેસ્ટ આપવા દેવામાં આવશે નહિ.

9) ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભર્યા બાદ તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી. જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

10) આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારોને નિગમના કોઇપણ વિભાગના કોઈપણ ડેપો ખાતે મેરીટ મુજબ સ્થળ પસંદગીના વિકલ્પથી નિમણૂંક આપવામાં આવશે અને તેઓ જે તે નિમણૂંકના વિભાગની પસંદગીયાદીના ગણાશે.તેમજ તેઓએ નિમણૂંકના વિભાગ ખાતે ઓછામાં ઓછી ૫ (પાંચ) વર્ષ ફરજ બજાવવાની રહેશે આ સમયગાળા દરમિયાન આંતરવિભાગીય બદલીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં તથા વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે. તેમજ નિમણૂંક સમયે આ સિવાય પોતાના વતનના અથવા અન્ય જીલ્લાના વિભાગમાં નિમણૂંક મેળવવા હક્કદાવો કરી શકશે નહી.

11) નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા નોકરીનાં બે વર્ષ પૂર્ણ થયેથી કરવાની રહેશે અને જો કામગીરી સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

12) આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ નિયમો અને જોગવાઇઓ પરિપુર્ણ કરતા હશે તો અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.

10) સરકારશ્રીના તા.૧૭/૫/૨૦૧૪ ના ઠરાવ અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો માટે મંજુર થયેલ જગ્યાઓના 33%  જગ્યાઓ અનામત રાખવામાં આવશે. સદર જગ્યાઓમાં નિયત કરેલ લાયકાત ધરાવતા આશ્રિત ઉમેદવારો મળવા પામશે નહીં તો તે જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા અન્ય ઉમેદવારોમાંથી ભરવામાં આવશે.

## B. <u>કક્ષાને લગતી વિગત :-</u>

| | | |
|---|---|---|
| ૧ | વિઝન | ચોખ્ખુ |
| ૨ | વયમર્યાદા | ૨૫ થી ૩૮ વર્ષ |
| ૩ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | ધોરણ – ૧૦ પાસ |
| ૪ | અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત | (૧) ધોરણ – ૧૨ પાસ<br>(૨) માન્ય યુનિ.ના કોઇપણ વિદ્યાશાખાના સ્નાતક(૧૦+૨+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ) |
| ૫ | ઉંચાઇ<br>(પુરૂષો અને મહિલાઓ માટે) | ઓછામાં ઓછી ૧૬૨ સે.મી.<br>(અનુ. જનજાતિના કિસ્સામાં ૧૬૦ સે.મી.) |
| ૬ | અનુભવ | હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો ઓછામા ઓછો ચાર વર્ષનો અનુભવ |
| ૭ | લાયસન્સ | પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લીક વાહન ચલાવવાનું લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે. |

- <u>**નિગમ ધ્વારા અધિકૃત થયેલ ઓટોમેટીક મશીન ધ્વારા જ ઉંચાઇ માપવામાં આવશે અને તે જ ઉંચાઇ માન્ય ગણાશે.તે સિવાય ઉંચાઇ માટેના અન્ય કોઇ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં તથા ઉંચાઈ માપન વખતે ઉમેદવારનાં માથા પર કોઈપણ વસ્તુ કે કાપડ(દા.ત.વીઘ,પાઘડી,ટોપી, હેરપીન વિગેરે) હોવું જોઈશે નહી જો આવી વસ્તુ કે કાપડ માથા પર હશે તો જરૂર જણાયે તે દુર કર્યા બાદ જ ઉંચાઈ માપન કરવામાં આવશે.જો ઉમેદવાર આવી વસ્તુ દુર કરવાની ના પાડશે તો નિગમ ધ્વારા લેવામાં આવેલ નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે**</u>
- ઉમેદવાર જો અગ્રતા માટેની વધારાની લાયકાત ધરાવતા હોય તો અગ્રતા માટેની વધારાની લાયકાતની વિગતો અરજીપત્રકમાં અલગ દર્શાવવાની રહેશે,જેમાં પાછળથી ફેરફારને કોઇ અવકાશ રહેશે નહી.
- <u>**નોંધ : ઉપર સુચવ્યા મુજબની જ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે.**</u>

## C. <u>ભરતીની પ્રક્રીયા (વેઈટેજની ગણતરી) :- (૫૦ ગુણમાંથી ફાળવણી)</u>

| | |
|---|---|
| ધોરણ – ૧૦ પાસ | ૧૫ ગુણ |
| ધોરણ – ૧૨ પાસ | ૧૦ ગુણ |
| સ્નાતક (૧૦+૨+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ) | ૧૦ ગુણ |
| **હેવી લાયસન્સ એચ.જી.વી. / એચ.પી.વી. પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો અનુભવ** | ૧૫ ગુણ મહત્તમ |
| • ૦૪ વર્ષ થી ૦૫ વર્ષ સુધીનો અનુભવ : ૦૦ ગુણ<br><u>(૪ વર્ષ કરતા ઓછો અનુભવ હોય તો તે અરજીપત્રક રદ થવા પાત્ર રહેશે.)</u><br>• ૦૫ વર્ષ અને ૧ દિવસ થી ૦૭ વર્ષ સુધીનો અનુભવ : ૦૫ ગુણ<br>• ૦૭ વર્ષ અને ૧ દિવસ થી ૦૮ વર્ષ સુધીનો અનુભવ : ૧૦ ગુણ<br>• ૦૮ વર્ષ કરતા વધારે અનુભવ : ૧૫ ગુણ | |

- **ઉપરોકત ગણતરી મુજબ ૨૫ કે તેથી વધુ મેરીટ માર્કસ ધરાવતા ઉમેદવારોને જ ડ્રાયવીંગ ટેસ્ટ માટે પાત્ર** ગણવામાં આવશે.

## D. <u>પગાર ધોરણ</u>:-

પસંદગી પામનાર ઉમેદવારોને <u>ડ્રાયવર</u> કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ.૧૦૦૦૦/- ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક અપાશે.તથા નિગમ ધ્વારા પગાર સંદર્ભે વખતોવખત કરવામાં આવેલ સુધારા લાગું પડશે.તેઓને નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા કે લાભો સિવાયના કોઇપણ ભથ્થા કે લાભ મળવાપાત્ર રહેશે નહી.

ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી પે-મેટ્રીક્સ રૂ.૧૮૦૦૦-૫૬૯૦૦ (લેવલ - ૧) ના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે.

## E. વય મર્યાદા:

ઓછામાં ઓછી ૨૫ વર્ષ તથા વધુમાં વધુ તમામ પ્રકારની છુટછાટ સહીત નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| અ.નં | વર્ગ | પુરૂષ (વધુ માં વધુ ઉંમર) | મહિલા (વધુ માં વધુ ઉંમર) |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૩૮ વર્ષ | ૪૩ વર્ષ |
| ૨. | અનામત | ૪૩ વર્ષ | ૪૫ વર્ષ |
| ૩. | માજી સૈનિક | ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |

- **૨૫ થી ૩૮ વર્ષ (જન્મ તારીખ:-૧૧/૦૮/૧૯૮૧ થી ૧૧/૦૮/૧૯૯૪)**
- **ઉપર જણાવેલ વયમર્યાદામાં અનામત કક્ષાનાં ઉમેદવારોને નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર રહેશે.**

1) તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) માટે અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે.
2) **આ જાહેરાતમાં દર્શાવેલ ઉંમર કરતાં વધારે ઉંમર વાળા ઉમેદવારે ફોર્મ ભર્યુ હશે અને ટેકનીકલી કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.**
3) સામાન્ય મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
6) માજી સૈનિક ઉમેદવારોને આ જાહેરાતમાં દર્શાવેલ માજી સૈનિકની સૂચનાઓ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.
7) તમામ કેટેગરીના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## F. નાગરિકત્વ:-

ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ધ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ધ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- **જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

## G. જન્મ તારીખ:-

1. નિગમમાં જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે,પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે, આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ શાળા છોડ્યાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ------છે, જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવેલ

જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે, ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય નિગમ દ્વારા લેવામાં આવશે.

2. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.) અને ડ્રાઈવીંગ લાયસન્સમાં જન્મ તારીખ એક સરખી જ હોવી જોઈએ.
3. શાળા છોડ્યાના પ્રમાણપત્ર (L.C.) માં દર્શાવેલ જન્મ તારીખ મુજબ ઉંમરની ગણતરી ધ્યાને લેવામાં આવશે.
4. ઓનલાઈન અરજીપત્રકમાં જન્મ તારીખ શાળા છોડ્યાના પ્રમાણપત્ર (L.C.) મુજબ દર્શાવવાની રહેશે,અન્યથા અરજીપત્રક રદ થશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ આખરી ગણાશે, આ બાબતે પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## H. <u>શૈક્ષણિક લાયકાત:-</u>

1. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત,અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત,કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર, વય,જાતિ અનુભવ વગેરેના પ્રમાણપત્ર/માર્કશીટ અરજીપત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે, ત્યારબાદના પ્રમાણપત્રો હશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
2. ધોરણ ૧૦ પાસનું પ્રમાણપત્ર ગુ.મા.શિ.બોર્ડ તથા અન્ય સમકક્ષ બોર્ડનુ માન્ય રહેશે.
3. ધોરણ ૧૨ પાસનું પ્રમાણપત્ર ગુ.મા. અને ઉચ્ચ.મા.શિ.બોર્ડ તથા અન્ય સમકક્ષ બોર્ડનું માન્ય રહેશે.
4. ડીગ્રી (સ્નાતક)ના કિસ્સામાં ૧૦+૨+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ જ ડીગ્રી (સ્નાતક) તરીકે માન્ય ગણવામાં આવશે.
5. ડીપ્લોમાંના કિસ્સામાં (ધોરણ-૧૦ પછી ડીપ્લોમા કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ૧૦+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ અથવા ધોરણ-૧૨ પછી ડીપ્લોમા કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ૧૨+૨ કે તેથી વધુ વર્ષ) અલગથી કરેલ જ કોર્ષ માન્ય ગણવામાં આવશે.
6. **પી.ટી.સી. / એ.ટી.ડી. / બી.એડ / બી.પી.એડ / સી.પી.એડ.વિગેરે તાલીમી પદવી હોઈ ૧૦ પાસ / ૧૨ પાસ / સ્નાતક તરીકે નિગમની આ જાહેરાત માટે માન્ય ગણવામાં આવશે નહિ.**
7. સ્નાતક (ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કોઈપણ વિદ્યાશાખાની સ્નાતકની પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત તે પૈકી ધોરણ ૧૦+૨+૩ વર્ષ કે તેથી વધુ વર્ષનાં કોર્ષની જ સ્નાતકની પદવી ધ્યાને લેવામાં આવશે.)
8. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્કદાવો સ્વીકારવામાં આવશે નહીં.
9. ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના કિસ્સામાં છેલ્લા વર્ષનું / છેલ્લા સેમેસ્ટરનું પરિણામ આઇ. ટી.આઇ અથવા પોલીટેકનીક / યુનિવર્સિટી/ બોર્ડ ધ્વારા તેમની માન્ય વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરેલ હોય અને તેને આધારે ઉપરોક્ત **<u>સુચના નં.૦૧ થી ૦૮ (જે લાગુ પડતું હોય તે)</u>** ની બાબતો ધ્યાને લઈ અરજી પત્રકમાં વિગતો ભરેલ હશે તો આવા ઉમેદવારે વેબસાઇટ ઉપરના પોતાના પરિણામની પ્રિન્ટ આઉટ મેળવીને પ્રમાણિત કરાવી નકલ અથવા જે તે સંસ્થા દ્વારા વેબસાઈટ ઉપર જે તારીખે પરિણામ પ્રસિધ્ધ કરેલ હોય તે બાબતનું લખાણ/પ્રમાણપત્ર રુબરુ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.આવી શૈક્ષણિક લાયકાતનું પરિણામ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ થયા પહેલા અરજીપત્રક ભરેલ હોય અને માહિતી સાચી હોય તો પણ તે ગ્રાહય રાખવામાં આવશે નહી.
10. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધો.૮ પછી ઔધોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય તથા તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.શિક્ષણ બોર્ડનું સમકક્ષતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
11. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધો.૧૦ પાસ કર્યા પછી ઔધોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ

કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.શિક્ષણ બોર્ડનું સમકક્ષતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

12. જે ઉમેદવારોએ ધો.૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડીપ્લોમા કોર્ષ કરેલ હોય તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ ની લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.
13. આ જાહેરાતમાં દર્શાવેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત કે અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે કોઇપણ સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.
14. ઉમેદવારે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, લાયકાતના પ્રમાણપત્રો તથા અન્ય દસ્તાવેજી પુરાવા મુજબના પોતાના નામ અને અટકમાં જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે અને જો નામ કે અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારા અંગે અરજી કર્યા તારીખ પહેલાની સરકારી ગેઝેટની નકલ ડ્રાયવીંગ ટેસ્ટના સમયે રજુ કરવાની રહેશે,જેથી અરજીપત્ર રદ થવાને પાત્ર બને નહી.
15. મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેનું સોગંધનામું (નોટરી કરાવી) અથવા મેરેજ સર્ટીફીકેટ(લગ્ન નોંધણી પ્રમાણપત્ર) દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.
16. જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો રજુ કરવાની રહેશે.
17. ધોરણ ૧૦ કે ૧૨ ની પરીક્ષા જો ખાનગી ઉમેદવાર તરીકે પાસ કરેલ હોય તો જે સ્કૂલમાંથી પરીક્ષા પાસ કરેલ હોય તે સ્કૂલનું ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા પાસ કર્યા બાબતનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
18. ધોરણ ૧૦ કે ૧૨ ની પરીક્ષા એક કરતા વધુ પ્રયત્નથી પાસ કરેલ હશે તો ટ્રાયલ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
19. ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત,અનુભવ તથા લાયસન્સની વિગતો ખોટી/જુદી જણાય પરંતુ દસ્તાવેજ ચકાસણી સમયે દસ્તાવેજોની ચકાસણી કરી મેરીટમાં જરૂરી ઘટાડો કર્યા બાદ જો ઉમેદવારને નિયત કરેલ વેઈટેજના ૨૫ ગુણ અને નિયત અનુભવ થતો હોય તો તેને ડ્રાયવીંગ ટેસ્ટ માટે લાયક ગણવામાં આવશે,પરંતુ પાછળથી અરજીપત્રકમાં દર્શાવ્યા સિવાયની બાબતે પ્રમાણપત્ર રજુ કર્યેથી વેઈટેજમાં સુધારો કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહીં.
20. ઉમેદવાર નિગમના નિતિનિયમ મુજબ રાજ્ય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર. આર.૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.ઉમેદવારે આવા પ્રમાણપત્રો/ માર્કશીટ **(ઓનલાઈન અરજી કર્યા પહેલાનું)** પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે, અન્યથા તેઓનું અરજીપત્રક રદ થવા પામશે.

## I. **અનુભવ:-**

1. આર.ટી.ઓ. કચેરી તરફથી હેવી લાયસન્સ એટલે કે એચ.જી.વી./એચ.પી.વી./ પી.એસ.વી.લાયસન્સ ઇસ્યુ થયા તારીખ પછીનો અનુભવ માન્ય રહેશે. ઓનલાઇન અરજીપત્રકમાં તે પહેલાનો દર્શાવેલ અનુભવ વેઇટેજ ગુણની ગણતરી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.
2. ઉમેદવાર ઓનલાઈન અરજી કર્યા તારીખ/સમયે **P.S.V.** બેજ ધરાવતા હોવા જોઈએ. જો ઓનલાઈન અરજી કર્યા બાદ **P.S.V.** બેજ મેળવેલ હશે તો તે માન્ય રહેશે નહી. તેમજ અરજી પત્રક રદ ગણવામાં આવશે.
3. ઉમેદવાર જો **બસ કે ટ્રાવેલ્સ** ચલાવવાનો અનુભવ ધરાવતા હોય તો ઓનલાઈન અરજીપત્રકમાં **P.S.V.** થયા તારીખથી અનુભવ દર્શાવવાનો રહેશે.આ કિસ્સામાં **P.S.V.** થયા પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ.દા.ત.**P.S.V**

તા.૦૧/૦૧/૨૦૧૧ નાં રોજ થયેલું હોય તો તે પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ તેમજ જો ઉમેદવારે ૦૧/૦૧/૨૦૧૨ થી અનુભવ દર્શાવ્યું હોય તો ૦૧/૦૧/૨૦૧૨થી જ માન્ય રહેશે.

4. ઉમેદવાર જો **ટ્રક** ચલાવવાનો અનુભવ ધરાવતા હોય તો ઓનલાઈન અરજીપત્રકમાં **TRANS** થયા તારીખથી અનુભવ દર્શાવવાનો રહેશે.આ કિસ્સામાં **TRANS** થયા પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ. **દા.ત. TRANS** તા.૦૧/૦૧/૨૦૧૧ નાં રોજ થયેલું હોય તો તે પહેલાનો અનુભવ માન્ય રહેશે નહિ તેમજ જો ઉમેદવારે ૦૧/૦૧/૨૦૧૨ થી અનુભવ દર્શાવ્યું હોય તો ૦૧/૦૧/૨૦૧૨થી જ માન્ય રહેશે.
5. હેવી લાયસન્સ મેળવ્યા બાદ દર ત્રણ વર્ષે રીન્યુ થાય છે,જેટલો સમય લાયસન્સ મોડુ રીન્યુઅલ કરાવેલ હશે તેટલા સમયને લાયસન્સ બ્રેક તરીકે ગણવાનો રહેશે અને તે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ. તેમ છતાં કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં રીન્યુઅલ બ્રેક સમયનો અનુભવ દર્શાવેલ હશે તો તે કુલ દર્શાવેલ અનુભવમાંથી બાદ કરવામાં આવશે.અને તે કારણસર મેરીટ માર્ક્સમાં ઘટાડો થશે તો તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.
6. લાયસન્સ રીન્યુઅલ બ્રેક અનુભવમાંથી બાદ થતાં ઉમેદવારના મેરીટ માર્કસમાં ઘટાડો થવાથી લઘુત્તમ ૨૫ કરતા ઓછા મેરીટ માર્કસ થશે તો તેવા ઉમેદવાર ડ્રાઇવીંગ ટેસ્ટમાં પાસ થયેલ હશે તો પણ નિમણુંક મેળવવા પાત્ર ઠરશે નહિં.
7. ઓનલાઈન અરજીપત્રકમાં જે ટ્રાન્સપોર્ટ/ટ્રાવેલ્સ/સંસ્થા/પેઢીનો જેટલા સમયગાળાનો અનુભવ દર્શાવેલ હશે તે જ ટ્રાન્સપોર્ટ/ટ્રાવેલ્સ /સંસ્થા/પેઢીનો તેટલાજ સમયગાળાનો અનુભવનું પ્રમાણપત્ર **(નિયત નમૂનો સામેલ છે)** રૂબરૂ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.
8. ટ્રાન્સપોર્ટ/ટ્રાવેલ્સ/સંસ્થા/પેઢીના પ્રમાણપત્રમાં માલીકની સહી અને સિક્કો અનિવાર્ય છે, જો નહી હોય તો તે પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તથા ઉમેદવારી રદ કરવામાં આવશે.
9. **૧૦૮ ની એમ્બ્યુલન્સનો અનુભવ હેવી વ્હીકલ ન હોવાના કારણે માન્ય રહેશે નહી.**
10. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ હેવી વ્હીકલનો જ હોવો જોઈશે,જો નહી હોય તો તેટલો સમય બાદ કરી મેરીટની ગણતરી કરવામાં આવશે જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.
11. ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.
12. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ હેવી વ્હીકલનો તથા પૂર્ણકાલીન ડ્રાયવર તરીકેનો હશે તો જ માન્ય રાખવામાં આવશે.
13. અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ હેવી વ્હીકલનો હશે તો પણ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં.
14. ઉમેદવાર પાસે માત્ર હેવી પેસેન્જર વ્હીકલ/પેસેન્જર વ્હીકલનું લાયસન્સ જે તે સમયગાળા પુરતુ હોય તો તેઓએ હેવી પેસેન્જર વ્હીકલ ચલાવ્યા અંગેનું કે તથા તેના સમયગાળાનું અનુભવના પ્રમાણપત્રમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

**અનુભવનો પ્રમાણપત્રનો નમુનો નીચે મુજબ રહેશે.**

તારીખ:-.........................

**અનુભવનું પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ____________________ કે જેઓ મુ. ________ પો. ___________ તા. ___________ જિ. ___________ ના રહીશ છે અને તેઓનો ડ્રાયવીંગ લાયસન્સ નંબર___________ છે, તેઓ અમારી ટ્રાન્સપોર્ટ/ટ્રાવેલ્સ/સંસ્થા/પેઢી (જે લાગુ પડતુ હોય તે રાખવુ) માં અંશકાલીન, રોજીદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદ વેતન તરીકે નહી પરંતુ પૂર્ણકાલીન હેવી ટ્રક ડ્રાયવર/હેવી બસ ડ્રાયવર (જે લાગુ પડતુ હોય તે રાખવુ) તરીકે તા.__________ થી તા. __________ સુધી સંતોષકારક ફરજ બજાવેલ છે. તથા તેઓને માસિક પગાર રૂપિયા___________ ચુકવવામાં આવેલ છે.

માલિકની સહી તથા સિક્કો

## J. અનામતનો લાભ:-

1. અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.
2. મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ/અનુ સૂચિત જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો /સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગ કક્ષાના અરજદારોને જ અનામત વર્ગના અરજદાર તરીકે લાભ મળશે.
3. ઉમેદવારે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
4. અનુ.જાતિ, અનુ.જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોને મહત્તમ વય મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.(૪૫ વર્ષથી વધુ નહી)
5. મહત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારોને પાંચ વર્ષ,અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષની (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે. (૪૫ વર્ષથી વધુ નહી)
6. જાતિના પ્રમાણપત્ર મુજબની જાતિ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ ન હોય અથવા ખોટી/ જુદી દર્શાવેલ હોય અથવા અરજી કર્યા પછીનું જાતિનું પ્રમાણપત્ર હોય તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના ધોરણો લાગું પાડી લાભ આપવામાં આવશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.
7. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા / ફેરફાર કરવા કોઇ રજુઆત કરશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
8. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કિસ્સામાં નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હશે તોજ અનામત વર્ગનો લાભ આપવામાં આવશે.
9. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૯૪/૯૫૯/અ,તા. ૬/૨/૧૯૯૬, સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૯-૧૬૬૩-અ/ તા.૨૭/૪/૨૦૧૦ તથા સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તા. ૨૬/૪/૧૬ની જોગવાઈઓ મુજબ નિયત થયેલ ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ '૪' (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષ સુધીનું રહેશે અને તેમાં જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનો સમાવેશ થતો હોવો જોઈએ.અન્યથા આવા અરજદારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં.પરિણીત મહિલા અરજદારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે.જો આવા અરજદારોએ તેમના પતિની આવકનાં સન્દર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.આ પ્રમાણપત્રમાં જે નાણાકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષના સમયગાળાની આવકને ધ્યાને લઈ,અરજી કર્યા તારીખ સુધીમાં મેળવેલ હોવુ જોઈએ.અરજી સાથે પરિશિષ્ટ '૪' ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો આવા અરજદારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં.કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે.જો અરજદારે આ પ્રમાણપત્ર(પરિશિષ્ટ '૪' ) અરજીપત્રક સાથે રજુ કરેલ નહીં હોય તો અનામતનો લાભ મળવાપાત્ર થશે નહી.
10. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં ANEXURE KH અથવા પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS CATEGORY હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર ) ની વિગત ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે તેમજ દસ્તાવેજ ચકાસણી સમયે તે પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
11. સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

12. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપત્ર હશે તે મળશે.
13. અનુ.જાતિ/અનુ.જન.જાતિ,/ આર્થિક રીતે નબળા વર્ગો /સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ની કક્ષામાં અરજી કરેલ હશે તો ડ્રાયવીંગ ટેસ્ટ સમયે જે તે જાતિ અંગેનો અસલ પ્રમાણપત્ર રજુ નહી કરે અથવા તો અરજી કર્યા તારીખ પછીનું રજુ કરે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં,અને તેને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહી તથા તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીનો લાભ આપવામાં આવશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.
14. S.E.B.C. ના કિસ્સામાં અસલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ નિયત પરિશિષ્ટ (૪)' (ગુજરાતી)માં ડ્રાયવીંગ ટેસ્ટ સમયે રજુ નહી કરે અથવા તો અરજી કર્યા તારીખ પછીનું રજુ કરે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીનો લાભ આપવામાં આવશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

## K. <u>અનુસુચિત જનજાતિનાં જાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-</u>

અનુ.જનજાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિનાં સબંધમાં સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮નાં ઠરાવની જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર અનુ.જનજાતિના ઉમેદવારોનાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી આદિજાતિ વિભાગ હેઠળની વિશ્લેષણ સમિતિ/સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખરાઈ/ચકાસણી કરવાની રહે છે.આથી કમિશ્નરશ્રી આદિજાતિ ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે નીચે મુજબનાં (મુદ્દા નં.૧ થી ૧૧) પુરાવાઓ સ્વ અરજી રજુ કરવાના રહેશે.કમિશ્નરશ્રી આદિજાતિ ધ્વારા જે ઉમેદવાર અનુ.જનજાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુ.જનજાતિમાં અનામતનો લાભ મળવાપાત્ર થશે તેમજ નિમણૂંક અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

1. ઉમેદવારના શાળા છોડ્યા પ્રમાણપત્રની નકલ
2. ઉમેદવાર ધો ૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ )**<u>(અસલમાં રજુ કરવું)</u>**
3. ઉમેદવારના જાતિના પ્રમાણપત્રો જેટલા મેળવેલ હોય તે તમામ
4. ઉમેદવારના પિતાના શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ
5. ઉમેદવારના પિતા ધો.૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ )**<u>(અસલમાં રજુ કરવું)</u>**
   i. ઉમેદવારના દાદા ધો.૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ ) **<u>(અસલમાં રજુ કરવું)</u>**
6. ઉમેદવારનાં પિતાનું જાતિ પ્રમાણપત્ર
7. ઉમેદવારનું પેઢીનામું પિતાના દાદા (પરદાદા) થી શરૂ કરી ઉમેદવારના નામ સુધી **<u>(અસલમાં રજુ કરવું)</u>**
8. ઉમેદવારના પેઢીનામા મુજબના વાલી-વારસો પૈકીની જમીનના ગામના નમૂના **<u>નં.૭/૧૨, ૮-અ</u>** ની જનસેવા કેન્દ્રના સહી સિક્કાવાળી નકલ. **<u>(પ્રમાણિત નકલ)</u>**
9. ગામના નમૂના ૭/૧૨ મુજબ સરકારશ્રી ના તા.૪/૪/૧૯૬૧ના જાહેરનામા મુજબ **<u>૭૩ એ</u>** ની નોંધવાળી ગામના નમૂના નં.૬ ની નકલ. **<u>(પ્રમાણિત નકલ)</u>**
10. ગામના નમૂના ૭/૧૨ મુજબ સરકારશ્રી ના તા.૧/૧/૧૯૮૧ના જાહેરનામા મુજબ **<u>૭૩ એએ</u>** ની નોંધવાળી ગામના નમૂના નં.૬ ની નકલ. **<u>(પ્રમાણિત નકલ)</u>**
11. ગીર,બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તારમાં રહેતા રબારી,ચારણ અને ભરવાડના કિસ્સામાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૧૦/૧૯૫૬ના જાહેરનામાના દિવસે કે તે પહેલા ગીર, આલેચ અને બરડા જંગલના નેશ વિસ્તારમાં રહેતા તે અને તેમના પૂર્વજોના સીધી લીટીના વારસદાર છે કે કેમ ? તેની ખાત્રી કરવી.ઉક્ત વિસ્તારના ઈસમોની વર્ષ ૧૯૪૭ થે ૧૯૫૬ સુધીની જ મસવાડી પહોંચ માન્ય ગણવી. **<u>(અસલમાં રજુ કરવું)</u>** સદર મસવાડી પહોંચ ફોરેસ્ટ ખાતા પાસે ખરાઈ કરાવવી.મસવાડી પહોંચમાં લખેલ

નામથી તેનું જાતિ પ્રમાણપત્ર ખરાઈ કરવાનું હોય ત્યા સુધીનું પેઢીનામું જે તે ગામના તલાટી-કમ-મંત્રીશ્રીની રૂબરૂમાં કરાવેલું રજૂ કરવું. **(અસલમાં રજુ કરવું)**

## L. માજી સૈનિક:-

1. માજી સૈનિક ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.
2. માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુક,ઓળખ કાર્ડ/પ્રમાણપત્ર વિગેરેની નકલ રજુ કરવાની રહેશે.
3. માજી સૈનિક ઉમેદવારે હેવી ટ્રક ડ્રાયવર/ બસ ડ્રાયવર તરીકે જેટલો અનુભવ દર્શાવેલ હશે તેટલા સમયનો અનુભવનો પ્રમાણપત્ર (જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાંથી) લાવવાનો રહેશે, તે અનુભવનાં પ્રમાણપત્રનાં આધારે જ વેઈટેજ ની ગણતરી કરવામાં આવશે.
4. માજી સૈનિકનાં ક્વોટામાં પસંદગી પામેલ ઉમેદવારે હેવી લાયસન્સમાં R.T.O.માંથી પ્રતિદસ્તખત કરાવાનાં રહેશે.તથા R.T.O. નુ હેવી વ્હીકલનું સીવીલીયન લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.
5. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાં સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમજ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર અને ડીસ્ચાર્જ બુક ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે. પરંતુ કોઇ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા ઉંમર વધવી જોઈએ નહી.
6. માજી સૈનિક ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના અન્ય ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## M.મહિલા ઉમેદવાર:-

મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## N. વિધવા ઉમેદવાર:-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે ભરતીના તમામ તબક્કે એટલે કે શૈક્ષણિક લાયકાતના મેળવેલ મેરીટ માર્ક્સમાં તેમજ ડ્રાઇવીંગ ટેસ્ટમાં પાસ થવા માટે મીનીમમ માર્ક્સ મેળવી ઉતિર્ણ જાહેર થયેલ ઉમેદવારોએ મેળવેલ માર્ક્સના પાંચ ટકા ગુણ ઉમેરી પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ, ઉપરાંત નિગમ માંગે ત્યારે તેના તમામ પુરાવા નિગમને અસલમાં રજુ કરવાના રહેશે.

## O. નાં વાંધા પ્રમાણપત્ર (N.O.C):-

ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકરી/ સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે તથા **"ના વાંધા પ્રમાણપત્ર"** મેળવવાનું રહેશે.દસ્તાવેજ ચકાસણીના સમયે નમૂનાં મુજબનું **"ના વાંધા પ્રમાણપત્ર"** રજુ કરવાનું રહેશે. નમૂનો નીચે મુજબ છે.

## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

<table><tr><td>
પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ............................................. આ ખાતામાં તા. ........................થી સતત જગ્યા પર કામ કરે છે.

૧. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

૨. જગ્યાનું નામ : ..................................................................... (વર્ગ - ............... જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ .......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )<br>
હોદ્દો<br>
સ્થળ : ખાતાના વડા તારીખ :<br>
પ્રતિ,<br>
શ્રી ..................................<br>
.......................................<br>
.......................................
</td></tr></table>

## P. ફરજીયાત નિવૃત્તિ,રુખસદ,બરતરફ:-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ-કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં એની વિગત આપવાની રહેશે.

## Q. ફી:-

1. ઓનલાઈન અરજીપત્રકમાં જનરલ કેટેગરી દર્શાવેલ ઉમેદવારો પૈકી ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવેલ જનરલ કેટેગરીના તમામ ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.
2. અ.જાતિ/અનુ.જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં ઉમેદવારોએ જો જનરલ કેટેગરીમાં અરજી કરેલ હશે તો તે પૈકી ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવેલ તમામ ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.
3. અનુ.જાતિ / અનુ.જનજાતિ / આર્થિક રીતે નબળા વર્ગો/ સા.શૈ.પ.વર્ગ / માજી સૈનિક ઉમેદવારોને માત્ર તેમની જે તે અનામત વર્ગની ઉમેદવારી માટે પરીક્ષા ફી ભરવામાંથી નિયમાનુસાર મુક્તિ આપવામાં આવશે.
4. **ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં જે કેટેગરી અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો /સા.શૈ.પ.વર્ગમાં અરજી કરેલ તે જ કેટેગરીનું પ્રમાણપત્ર તથા સા.શૈ.પ.વર્ગના કિસ્સામાં નોન ક્રીમીલેયર સર્ટી.પરિશિષ્ટ '૪' (ગુજરાતીમાં) ઓનલાઈન અરજી કર્યા તારીખ પહેલાનું ડ્રાયવીંગ ટેસ્ટ સમયે રજુ નહી કરો તો કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની જગ્યા હશે અને પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે ફી ભરવાની રહેશે જે પરત મળશે નહી.**
5. **આ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ ભરવાની જગ્યા સિવાયની કેટેગરી માં ફોર્મ ભર્યુ હશે અને ટેકનીકલી કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની જગ્યા હશે અને પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના લાભ આપવામાં આવશે તેમજ તેઓને બિન અનામતનાં ધોરણો લાગુ પડશે અને નિયત ફી ભરવાની રહેશે.અને તે મુજબ પાત્રતા થતી નહી હોય તો તે અરજીપત્રક આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.**

## R. ડ્રાયવીંગ ટેસ્ટ અંગેની સુચનાઓ:-

1. કોલલેટરમાં જણાવેલ તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.
2. અરજીપત્રકની વિગતે નિગમના નીતિ નિયમો મુજબ ડ્રાઇવીંગ ટેસ્ટ માટે પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને જ ડ્રાઇવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.
3. ડ્રાઇવર કક્ષા માટે ૫૦ માર્કસનો ડ્રાઇવીંગ ટેસ્ટ લેવામાં આવશે અને સદર ટેસ્ટમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૩૭ માર્કસ મેળવવાના રહેશે.૩૭ ગુણ થી ઓછા ગુણ મેળવનાર અપાત્ર ઠરે છે.

4. ઉમેદવારને ડ્રાયવીંગ ટેસ્ટ માટે જે તારીખે બોલાવવામાં આવેલ હોય તે જ તારીખે ઉમેદવારે ડ્રાયવીંગ ટેસ્ટ માટે હાજર રહી ટેસ્ટ આપવાનો રહેશે, કોઈપણ સંજોગોમાં અન્ય તારીખે ટેસ્ટ આપવાની વિનંતી સ્વીકારવામાં આવશે નહી.
5. ઉમેદવારે ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે જે સુચના આપવામાં આવે તેને ધ્યાનથી સાંભળી આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. ઉમેદવારોએ લાયસન્સ ઇસ્યુ થયેલ આર.ટી.ઓ. કચેરીનું દર ત્રણ વર્ષે લાયસન્સ રીન્યુ થયાની એન્ટ્રીવાળુ કોમ્પ્યુટરાઈઝ ઇન્ફોર્મેશન સર્ટિફીકેટ ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે રજૂ કરવાનું રહેશે.
7. ડ્રાયવીંગ ટેસ્ટ સમયે અસલ વેલીડ લાયસન્સ નહીં હોય તો ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે નહી, તથા અસલ વેલીડ લાયસન્સ હશે પરંતુ રીન્યુઅલ નહીં હોય તો પણ ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે નહી, લાયસન્સ રીન્યુ કરવા આપેલ હશે તો લાયસન્સ રીન્યુ માટે મેળવેલ ફી ની અસલ પહોંચ ડ્રાયવીંગ ટેસ્ટના સમયે રજુ કરવાની રહેશે અન્યથા ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે નહી અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
8. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં જે કેટેગરી અનુ.જાતિ/અનુ.જનજાતિ/ આર્થિક રીતે નબળા વર્ગો/ સા.શૈ.પ.વર્ગ (નોન ક્રીમીલેયર સર્ટી.પરિશિષ્ટ'૪'(ગુજરાતીમાં)માં અરજી કરેલ તે જ કેટેગરીનું પ્રમાણપત્ર (અસલમાં) ઓનલાઈન અરજી કર્યા તારીખ પહેલાનું ડ્રાયવીંગ ટેસ્ટ સમયે રજુ નહી કરો અને જો ઉમેદવાર જનરલ કેટેગરીની નિયત ઉમર જેટલી ઉમર ધરાવતા હશે તેવા ઉમેદવારને જનરલ કેટેગરીનો લાભ આપી ફી ભર્યા બાદ ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે.જો ઉમેદવાર જનરલ કેટેગરીની નિયત ઉમર કરતા વધારે ઉમર ધરાવતા હશે તેવા ઉમેદવારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.
9. ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળ પરનાં અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

## S. <u>ડ્રાયવીંગ ટેસ્ટની કાર્યવાહી</u>:-

1. ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે સૌ પ્રથમ ડ્રાયવીંગ ટેસ્ટ બાબતે સુચના આપવામાં આવશે, તેને ધ્યાનથી સાંભળી આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. **<u>ત્યારબાદ પ્રાથમિક દસ્તાવેજ ચકાસણીના ભાગરૂપે ઓનલાઈન અરજીપત્રક, કોલલેટર,શાળા છોડ્યાના પ્રમાણપત્ર મુજબ જન્મ તારીખ,લાયસન્સની વિગતો,શૈક્ષણિક લાયકાતો તથા જાતિના પ્રમાણપત્રો, નિયત અનુભવ/વેઈટેજ ની પ્રાથમિક દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે.અને જો ઉમેદવારી/અરજીપત્રક રદ કરવા પાત્ર થતું હશે તો ઉમેદવારી/અરજીપત્રક રદ કરવામાં આવશે.</u>**
3. ત્યારબાદ જો ઉમેદવાર ડ્રાયવીંગ ટેસ્ટ માટે લાયક હશે તો ડ્રાયવીંગ ટેસ્ટ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.
4. ઉમેદવારની ઉંચાઈ માપન અન્વયે નિયત ઉંચાઈ ધરાવતા લાયક ઉમેદવારનો જ ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે.
5. નિગમ ધ્વારા નિયત કરાયેલ વાહન ઉપર જ સેલ્ફ ડ્રાયવિંગ ટેસ્ટ આપવાનો રહેશે,જે અનુસંધાને કોઈપણ સંજોગોમાં રીટેસ્ટ લેવામાં આવશે નહીં.
6. **<u>ડ્રાયવીંગ ટેસ્ટમાં ૩૭ કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત / અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાતમાંથી મેળવેલ ગુણ તથા ડ્રાયવીંગ ટેસ્ટમાં મેળવેલ ગુણ એમ બન્ને ગુણોનો સરવાળો કરી અનામત / બિનઅનામત ધ્યાને લઈ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે,ત્યાર બાદ મેરીટ મુજબ ૧ જગ્યા સામે ૧.૫(દોઢા) ઉમેદવારો અથવા નિગમની જરૂરિયાતના પ્રમાણમાં એક સાથે / તબક્કાવાર ઉમેદવારોને રૂબરૂ દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે અને તમામ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે અને તેમાં જો નિયત લાયકાત કે નિયત વેઈટેજ અથવા જરુરી વિગતો નહી ધરાવતા હોય તો ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ હોવા છતાં અરજીપત્રક / ઉમેદવારી રદ કરવામાં આવશે.</u>**

## T. ડ્રાયવીંગ ટેસ્ટ સમયે પ્રાથમિક દસ્તાવેજ ચકાસણી માટે સાથે લાવવાના અસલ દસ્તાવેજોની યાદી.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.):

1. કોલ લેટર
2. ઓનલાઈન અરજીપત્રક
3. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
4. ધોરણ ૧૦ ની માર્કશીટ
5. ધોરણ ૧૨ ની માર્કશીટ.(જો અરજીમાં ધોરણ ૧૨ પાસ દર્શાવેલ હોય તો)
6. સ્નાતકની માર્કશીટ. (જો અરજીમાં સ્નાતક દર્શાવેલ હોય તો)
7. જાતિનો દાખલો. (જો અરજીમાં જાતિ દર્શાવેલ હોય તો)
8. S.E.B.C ના સંદર્ભમાં નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ 'પરિશિષ્ટ (૪)' (ગુજરાતી) માં જ હોવું જોઈશે.
9. અસલ ડ્રાયવીંગ લાયસન્સ અથવા જો લાયસન્સ રીન્યુમાં આપેલ હોય તો R.T.O. માં ફી ભર્યાની અસલ પાવતી.
10. R.T.O. નું કોમ્પ્યુટરાઈઝ ઈન્ફોરમેશન સર્ટીફીકેટ.

## U. રૂબરૂ દસ્તાવેજ ચકાસણી સમયે સાથે લાવવાના દસ્તાવેજોની યાદી.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.):

1. કોલ લેટર.
2. ઓનલાઈન અરજીપત્રક.
3. ડ્રાયવિંગ ટેસ્ટમાં પાસ થયાનું રીઝલ્ટ.
4. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
5. ધોરણ ૧૦ ની માર્કશીટ.
6. ધોરણ ૧૦ નું ટ્રાયલ સર્ટીફીકેટ.(જો એકથી વધુ ટ્રાયલ આપેલ હોય તો)
7. ધોરણ ૧૨ ની માર્કશીટ.(જો અરજીમાં ધોરણ ૧૨ પાસ દર્શાવેલ હોય તો)
8. ધોરણ ૧૨ નું ટ્રાયલ સર્ટીફીકેટ.(જો અરજીમાં ધોરણ ૧૨ પાસ દર્શાવેલ હોય અને જો એકથી વધુ ટ્રાયલ આપેલ હોય તો)
9. સ્નાતકની માર્કશીટ. (જો અરજીમાં સ્નાતક દર્શાવેલ હોય તો)
10. જાતિનો દાખલો. (જો અરજીમાં જાતિ દર્શાવેલ હોય તો)
11. S.E.B.C ના સંદર્ભમાં નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ 'પરિશિષ્ટ (૪)' (ગુજરાતી) માં જ હોવું જોઈશે.
12. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં ANEXURE-KH અથવા પરિશિષ્ટ-ગ ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ E.W.S.CATEGORY હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર).
13. અનુ.જન જાતિનાં સબંધમાં સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮નાં ઠરાવની જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર આ જાહેરાતમાં દર્શાવેલ અનુસુચિત જનજાતિનાં જાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ.
14. રાજ્ય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર.૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/ ૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર / માર્કશીટ. **(ઓનલાઈન અરજી કર્યા પહેલાનું)**
15. ડ્રાયવીંગ લાયસન્સ અથવા જો લાયસન્સ રીન્યુમાં આપેલ હોય તો R.T.O. માં ફી ભર્યાની અસલ પાવતી.
16. **R.T.O. નું કોમ્પ્યુટરાઈઝ ઈન્ફોરમેશન સર્ટીફીકેટ.**
17. ઓનલાઈન અરજીમાં જે ટ્રાન્સપોર્ટ/ટ્રાવેલ્સ/સંસ્થા/પેઢીનો અનુભવ દર્શાવેલ હોય તે જ ટ્રાન્સપોર્ટ /ટ્રાવેલ્સ /સંસ્થા/પેઢીના અનુભવનો દાખલો.(જાહેરાતની સુચનામાં દર્શાવેલ નમૂના મુજબનું)
18. માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જ બુક, ઓળખ કાર્ડ, પ્રમાણપત્ર,અનુભવનું પ્રમાણપત્ર તથા હેવી વ્હીકલનું સીવીલીયન લાયસન્સ વિગેરે

19. વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ, પતિના મરણનો દાખલો તથા અન્ય પુરાવા.
20. અન્ય સરકારી નોકરીના કિસ્સામાં "ના વાંધા" પ્રમાણપત્ર.
21. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.), શૈક્ષણિક લાયકાત, ડ્રાઈવીંગ લાયસન્સ તથા અન્ય તમામ દસ્તાવેજોમાં નામ, અટક એક સરખુ હોવું જોઈશે. જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે, અને જો નામ તથા અટકમાં ફેરફાર હશે તો ઓનલાઈન અરજી કર્યા પહેલાનુ સરકારી ગેજેટ્સ રજુ કરવાનુ રહેશે.
22. સમકક્ષતાનાં કિસ્સામાં તે મુજબનાં પ્રમાણપત્રો તથા સમકક્ષ હોવા બાબતના આધારભૂત પુરાવા.
23. બે ફોટા.(તાજેતરમાં પડાવેલ)
24. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતના સમર્થનમાં દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું કહેવામાં આવે તે તમામ દસ્તાવેજો તેજ સમયે રજુ કરવાના રહેશે.

**ઉપર મુજબ જે લાગુ પડતા હોય તે અસલ દસ્તાવેજો તથા એક સેટ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ સાથે લાવવાનો રહેશે,તથા ઝેરોક્ષ કોપીઓ ચેકલીસ્ટ મુજબ એક નકલમાં ચેકલીસ્ટ તૈયાર કરી ફાઈલમાં મૂકી પ્રમાણપત્ર નંબર / પેજ નંબર સહિત રજૂ કરવાનુ રહેશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગત જે પ્રમાણપત્રનાં આધારે ભરેલ હોય તેજ રજુ કરવાની જવાબદારી ઉમેદવારની છે.ઉમેદવાર પાસે આવા પ્રમાણપત્ર ઉપલબ્ધ હશે પરંતુ રજુ કરેલ નહી હોય તો પાછળથી આવા પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહી તેમજ આ બાબતે કોઈપણ તકરાર / રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.**

## V. નીચેના સંજોગોમાં અરજીપત્રક રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

1. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ શાળા છોડ્યાના પ્રમાણપત્ર (L.C.) થી અલગ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
2. ધોરણ ૧૦ ની લાયકાત નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
3. ઓનલાઈન અરજીપત્રકમાં ધોરણ ૧૨ દર્શાવેલ હશે અને ધરાવતા નહી હોય અને તેના કારણે નિયત વેઈટેજ નહીં થવા પામે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
4. ઓનલાઈન અરજીપત્રકમાં સ્નાતક દર્શાવેલ હશે અને ધરાવતા નહી હોય અને તેના કારણે નિયત વેઈટેજ નહીં થવા પામે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
5. સમકક્ષ લાયકાતના સંદર્ભમાં યોગ્ય સમકક્ષ લાયકાત ધરાવતા નહી હોય અને તેના કારણે નિયત વેઈટેજ નહીં થવા પામે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
6. ઓનલાઈન અરજીપત્રકમાં જે જાતિ દર્શાવેલ હશે તે જ જાતિનું પ્રમાણપત્ર ધરાવતા નહી હોય અથવા અરજી કર્યા પછીનું જાતિનું પ્રમાણપત્ર હોય તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના લાભ આપવામાં આવશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.
7. S.E.B.C. ના કિસ્સામાં નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ નિયત પરિશિષ્ટ (૪)' (ગુજરાતી)માં ઓનલાઈન અરજી કર્યા પહેલાનું નહી હોય તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના લાભ આપવામાં આવશે અને તે મુજબ પાત્રતા થતી નહી હોય તો તે અરજીપત્રક રદ કરવામાં આવશે.
8. અનુ.જન જાતિનાં સબંધમાં સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮નાં ઠરાવની જોગવાઈ અનુસાર કમિશ્નરશ્રી આદિજાતિ ધ્વારા જે ઉમેદવાર અનુ.જનજાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુ.જનજાતિમાં અનામતનો લાભ મળવાપાત્ થશે,અન્યથા અરજીપત્રક/ઉમેદવારી રદ કરવામાં આવશે.
9. ડ્રાયવીંગ ટેસ્ટના સમયે વેલીડ/રીન્યુ થયેલ લાયસન્સ નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
10. ડ્રાયવીંગ ટેસ્ટના સમયે અસલ માન્ય ડ્રાયવીંગ લાયસન્સ નહી રજુ કરો તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
11. ડ્રાયવીંગ ટેસ્ટના સમયે લાયસન્સ રીન્યુંમાં આપેલ હશે તો તેની રીન્યુંની અસલ પહોંચ રજુ નહી કરો તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
12. ઓનલાઈન અરજીમાં જણાવેલ અનુભવમાંથી (બસ કે ટ્રાવેલ્સ ચલાવવાનો અનુભવ P.S.V થયા તારીખથી તથા ટ્રક ચલાવવાનો અનુભવ TRANS થયા તારીખથી) ડ્રાયવીંગ લાયસન્સના બ્રેકની ગણતરી કરતા અને બ્રેક

બાદ કરતા જો નિયત અનુભવમાં ઘટાડો થશે અને જો નિયત અનુભવ નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

13. ઓનલાઈન અરજીમાં જણાવેલ અનુભવમાંથી (બસ કે ટ્રાવેલ્સ ચલાવવાનો અનુભવ P.S.V થયા તારીખથી તથા ટ્રક ચલાવવાનો અનુભવ TRANS થયા તારીખથી) ડ્રાયવીંગ લાયસન્સના બ્રેકની ગણતરી કરતા અને બ્રેક બાદ કરતા જો નિયત અનુભવમાં ઘટાડો થશે અને જો તેના કારણે નિયત વેઈટેજ નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
14. અરજી કર્યા સમયે P.S.V. બેજ નહી ધરાવતા હોય અથવા ઓનલાઈન અરજી કર્યા બાદ P.S.V. બેજ લીધેલ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
15. માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જ બૂક,ઓળખકાર્ડ,અનુભવનું પ્રમાણપત્ર તથા હેવી વ્હીકલનું સીવીલીયન લાયસન્સ રજુ નહી કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
16. ઓનલાઈન અરજીમાં ફોટો અથવા સહી અપલોડ કરેલ ન હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
17. નિયત નમુનાની વિગતોવાળું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવામાં નહી આવે અથવા અનુભવના પ્રમાણપત્રમાં માલીકની સહી સિક્કા નહી હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
18. ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારનો પોતાના ફોટા કે સહી નહી હોય અથવા પોતાના બદલે અન્ય નો ફોટો કે સહી હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
19. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ હેવી વ્હીકલનો તથા પૂર્ણકાલીન ડ્રાયવર તરીકેનો નહી હોય તો ઓનલાઈન અરજીપત્રકમાંથી તેટલો સમય બાદ કરતા જો નિયત અનુભવ/નિયત વેઈટેજ નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
20. ડ્રાયવિંગ ટેસ્ટ સમયે ઉમેદવાર ધ્વારા કોઈપણ ગંભીર પ્રકારની આચરણ વિરુધ્ધનું ગેરશિસ્ત કરે અથવા ઉમેદવારની કોઈ શારીરીક કે માનસિક ક્ષતિ કે અસમર્થતાના કારણે ડ્રાયવિંગ ટેસ્ટ માટે જોખમ રહેવા માટે માનવાને કારણ હોય ત્યારે સ્થળ પરનાં સક્ષમ અધિકારીને સંબધિત ઉમેદવારનું અરજીપત્રક રદ કરવા માટેનો હક્ક રક્ષિત રહેશે.

## W. <u>અન્ય અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. **<u>ઓનલાઈન અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતિ છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું.</u>**
3. **<u>આ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ ભરવાની જગ્યા સિવાયની કેટેગરીમાં ફોર્મ ભર્યું હશે અને ટેકનીકલી કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની જગ્યા હશે અને પાત્રતા ધરાવતો હશે તો જનરલ કેટેગરીના લાભ આપવામાં આવશે અને તે મુજબ પાત્રતા થતી નહી હોય તો તે અરજીપત્રક આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.</u>**
4. **<u>આ જાહેરાતમાં દર્શાવેલ વિગતો સિવાયની વિગતોએ ફોર્મ ભર્યું હશે અને ટેકનીકલી કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.</u>**
5. સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમા ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાનો નિગમને સંપૂર્ણ અબાધિત હકક/અધિકાર રહેશે, અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી,તેમજ તેવા સંજોગોમાં ભરેલ કોઇપણ પ્રકારની ફી પરત મળવાપાત્ર થશે નહીં.
6. ઓનલાઈન અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવેલ વિગતો જેવી કે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, જાતિ,અનુભવ તેમજ અન્ય વિગત ખોટી દર્શાવેલ હશે તો તે માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
7. આ કક્ષા માટે નિગમ દ્વારા અરજીપત્રક ઓનલાઈન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું નિગમને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય નિગમ લેશે.

8. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
9. વ્યક્તિગત માહિતી,લઘુત્તમ શૈક્ષણિક લાયકાત,અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાત,ઉંમર,જાતિ,અનુભવ, કોમ્પ્યુટરની જાણકારી તેમજ અન્ય વિગતોની ચકાસણી નિગમ દ્વારા કરવામાં આવશે અને આ અંગે નિગમનો નિર્ણય જ અંતિમ રહેશે.
10. ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમની સેવા સારૂં તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય ન જણાય તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.
11. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગની જાહેરાતમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.
12. ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.
13. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, સ્પોર્ટસ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.
14. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નિગમ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજી પત્રક જે – તે તબક્કેથી "રદ" ગણવામાં આવશે.
15. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટોની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત – સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટોની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે).
16. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં નિગમ તરફથી અમુક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવી શકે છે. તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહીં.
17. ઉમેદવાર પોતે ડ્રાયવીંગ ટેસ્ટમાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
18. કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઇ પણ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.
19. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ/જુદી/અલગ બતાવેલ/ છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણૂંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે ,અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.
20. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો,ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ/ જુદી/ અલગ ભરેલ હશે અને તે વિગતો શરતચુકથી ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઇ લેખીત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહી અને આવી રજુઆતો બાબતે કોઇ જ કાર્યવાહી કરવામાં આવશે નહી તેમજ કોઈ પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ.અને અરજીપત્રક / ઉમેદવારી આપો આપ રદ ગણાશે.
21. ઉમેદવાર અરજી કર્યેથી નિમણુંક મેળવે તે સમયગાળા દરમ્યાન તેઓને કોઇપણ સક્ષમ કોર્ટ ધ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઇ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરીયાદ પડતર હશે તો તેમજ તેવા કોઇપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર ધ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની

ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ / ફરીયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણુંક માટે દાવો કરી શકશે નહીં.

22. ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.
23. અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશન માંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે.આવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.
24. ઓનલાઇન અરજીપત્રકમાં જો કોઇ ઉમેદવાર દ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરીયાદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.
25. નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.
26. ઉમેદવારના નામમાં ભાઈ કે બહેન હશે અને ફોટોગ્રાફ સ્પષ્ટ રીતે તેઓના જેન્ડર મુજબ જણાતો નહી હોય અથવા ફોટોગ્રાફ અસ્પષ્ટ હશે તો અરજદારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.
27. સીધી ભરતીની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓની ૨૦%ની મર્યાદામાં કેટેગરીવાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે તેમજ પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રીયા માટે હવે પછીની પહેલી જાહેરાતની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલુ હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ ) અમલમાં રહેશે.આ સમય મર્યાદા પુરી થતાં પ્રતિક્ષાયાદી આપો આપ રદ થયેલ ગણાશે. પ્રતિક્ષાયાદી રાખવાની ટકાવારીમાં જરુર જણાય તો ફેરફાર કરવાનો નિગમને અબાધીત હક્ક રહેશે.
28. કોર્ટ સમક્ષ કોઈ પડતર વિવાદ,મનાઈ હુકમ,ચૂટંણીની આચારસંહિતાનો અમલ કે કોઈ બીજા અનિવાર્ય વહિવટી કારણોસર પસંદગી યાદી પરના ઉમેદવારોને નિમણૂંક આપવામાં જો છ માસ કરતા વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગી યાદી પરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણૂંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલુ હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ ) અમલમાં રહેશે.
29. નિગમને જરુર જણાયેથી પ્રોવિઝનલ પસંદગીયાદી/પ્રતિક્ષાયાદીનાં આધારે નિમણૂકની કાર્યવાહી હાથ ધરી શકશે, પ્રોવિઝનલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારની પસંદગી બાબતે નિગમની જોગવાઈ મુજબ સુસંગત ન જણાયે થી તેઓને નિમણૂંક આપી દીધી હશે તો પણ રદ થઇ શકશે.
30. **સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહીતી માંગતી આર.ટી.આઈ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**
31. આ જાહેરાત માટે ન્યાયીક ક્ષેત્ર નામદાર હાઈકોર્ટ અમદાવાદ રહેશે.

**મેનેજર,**
**મેનપાવર પ્લાનિંગ & ઓડિટ સેલ**
**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ મધ્યસ્થ કચેરી,**
**રાણીપ બસ સ્ટેશન પાસે,રાણીપ અમદાવાદ.**

## અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે.તમો આ જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવુ હવે (૨) "Apply Online Click કરવુ. (૩) આ જાહેરાત પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application ના Format ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational તથા Add More Education ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૭) અનુભવની વિગતમાં એચ.જી.વી. / એચ.પી.વી. ઇસ્યુ થયા તારીખથી જ અનુભવ દર્શાવવાનો રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવામાં આવશે નહિ. **(રીન્યુઅલ સમયે ડીલે થયેલ સમયને બ્રેક તરીકે ગણવાનો રહેશે જે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ)** (૮) કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકાત ભરવા માટે Computer knowledge ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૯) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૧) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર કિલક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી Confirm કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે. (૧૫) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.